# :: હંગામી જાહેરનામું ::

ધી ગુજરાત પોલીસ એક્ટ ૧૯૫૧ ની કલમ ૩૩(૧)બી, અન્વયે કાઢેલ હુકમ
ક્રમાંકઃટફક/અલથાણ ટેનામેન્ટ/મેટ્રો રેલ/જાહેરનામું/૮૨૭/૨૦૨૫

પોલીસ કમિશનરની કચેરી,
સુરત શહેર.
તા.૨૨/૦૩/૨૦૨૫

સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલ્વે બનાવવાનું કામકાજ ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલ છે. જે અંતર્ગત કાદરશાનીનાળથી ખજોદ ડ્રીમસીટી સુધીના કોરીડોર ફેઝ-૧ માં આવેલ અલથાણ ટેનામેન્ટથી અલથાણ ગામ સુધીના મેટ્રો રેલ કામગીરી અંતર્ગત રેલ્વે ટ્રેક લોન્ચીંગ કરવાની કામગીરી શરૂ કરવા માટે સદર રૂટ ઉપર આવેલ શ્રીરામ માર્બલની સામેથી આવતો રોડ ઉપર તથા સોહમ સર્કલથી અલથાણ ટેનામેન્ટ તરફ જતો ડાબી બાજુનો રસ્તો ઉપર તા.૨૦/૦૩/૨૦૨૫ થી તા.૦૨/૦૫/૨૦૨૫ સુધી તમામ પ્રકારના વાહનોના અવર-જવર માટે સંપુર્ણ બંધ કરવા માટે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના જનરલ મેનેજરશ્રીનાઓએ અરજી કરેલ હોય જેથી સદર રૂટ ઉપર ટ્રાફિકને અડચણરૂપ ન થાય તેમજ વાહન ચાલકોની સલામતીને ધ્યાને રાખી સદર કામગીરી માટે મેટ્રો રેલના કામકાજ વાળા માર્ગ ઉપર તા.૨૦/૦૩/૨૦૨૫ થી તા.૦૨/૦૫/૨૦૨૫ સુધી તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જ જરૂરી જણાય છે.

## :: હુકમ ::

વાસ્તે હું, અનુપમ સિંહ ગહલૌત (IPS), પોલીસ કમિશ્નર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળના સુરત શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અન્વયે શ્રીરામ માર્બલની સામેથી આવતો રોડ ઉપર તથા સોહમ સર્કલથી અલથાણ ટેનામેન્ટ તરફ જતો ડાબી બાજુનો રોડ ઉપર મેટ્રો રેલ માટે ચાલનાર કામગીરી અનુસંધાને ટ્રાફિક સુચારૂ રીતે ચાલે અને ટ્રાફિકની કોઇ સમસ્યા ન ઉદભવે તે હેતુસર સદર રૂટ ઉપર તા.૨૦/૦૩/૨૦૨૫ થી તા.૦૨/૦૫/૨૦૨૫ સુધી તમામ પ્રકારનાં વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

## :: વૈકલ્પિક રૂટ ::

અલથાણ શ્રીરામ માર્બલની સામે રોડ ત્રણ રસ્તા પહેલા અલથાણ ટેનામેન્ટ તરફ જતા રોડ દ્વારા જઇ શકાશે તેમજ સોહમ સર્કલ તરફ જવા માટે બ્રેડલાઇનરથી સોહમ સર્કલ તરફ જતા કેનાલ રોડ ઉપરથી જઇ શકાશે.

આ જાહેરનામાનો અમલ તા.૨૦/૦૩/૨૦૨૫ થી તા.૦૨/૦૫/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાનાં આદેશોનું ઉલ્લઘન કરનાર ઇસમ ભારતીય ન્યાય સંહિતા (BNS)ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આજ રોજ તા.૨૨/૦૩/૨૦૨૫ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

પોલીસ કમિશ્નર
સુરત શહેર, સુરત.

(અનુપમસિંહ ગહલૌત)
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

પ્રતિ,
(૧) ખાસ પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૧, સુરત શહેર.
(૨) સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી, સેકટર-૨, ક્રાઇમ, તથા ટ્રાફિક, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, તમામ, સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે./શાખા ઈન્ચાર્જશ્રીઓ, સુરત શહેર
(નકલો ચોંટાડી લાઉડ સ્પીકર, વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૬) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક-એક નકલ આપવી)

પોલીસ કમિશ્નર સુરત શહેર, સુરત.

<u>સવિનય નકલ રવાના :-</u>
(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિદેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, રાજકોટ શહેર, વડોદરા શહેર.
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી, સુરત રેન્જ, સુરત.
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર.
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત.
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) વધારાના એકઝીકયુટીવ મેજી.શ્રી, સુરત શહેર. (નાનપુરા બહુમાળી સુરત)
(૧૮) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત)
(૧૯) સંયુકત માહિતી નિયામકશ્રી, સુરત (સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન
કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૨૦) જનરલ મેનેજરશ્રી, ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ, સુરત.